જામનગરમાં શ્રી ધણીમાતંગ દેવની ૧૨૭૩મી જન્મજયંતી ઉજવણી

તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : સમસ્ત મહેશ્વરી મેઘવાર સંપ્રદાયતા પરમપુજ્ય ઈષ્ટદેવ શ્રી ધણી માતંગ દેવ જે પવિત્ર અવતારે " મહેશ્વરી સપ્રદાય" ની સ્થાપના કરી "બારમતી પંથ" જેવા પવિત્ર ધાર્મિક પંથ સંપ્રદાયને આપેલ છે. તેવા પ.પુ. ઈષ્ટદેવ શ્રી ધણી માતંગની પવિત્ર ૧૨૭૩ મી. ભવ્ય શોભાયાત્રા આજ તા. ૪-૨ના રોજ સવારે ૯:૩૦ કલાકે પ્રદર્શન ગ્રાઉન્ડ જામનગરથી જુદા-જુદા રાજમાર્ગો પર થઈ નાગેશ્વર ખાતે મતિયાદાદા ની જગ્યામાં સમૂહ મહાપ્રસાદ લીધા બાદ સમાપન કરવામાં આવેલ હતી. જેમાં મહેશ્વરી સંપ્રદાયના ધર્મગુરુશ્રીઓ તેમજ સમાજના અગ્રણીઓ કે.કે.ગડણ, સામતભાઈ માતંગ, સુરેશભાઈ માતંગ, દીપુભાઈ પારિયા-પૂર્વ કોર્પોરેટર, જયંતભાઈ વારસખીયા-એડવોકેટ એન્ડ નોટરી, કિશનભાઈ નંજાર, માધવભાઈ ડુંગરા, લાખાભાઈ ફફલ, દિનેશભાઈ માતંગ (ડી.ડી.), રાજેશભાઈ જાદવ, વિજયભાઈ દાફડા, વિજયભાઈ એરડીયા, બીપીનભાઈ ડગરા-એડવોકેટ, ભરતભાઈ ધુલિયા, દેવશીભાઈ ધુલિયા, ભાગ્યેશભાઈ ધુલિયા, સમજુબેન દીપુભાઈ પારિયા-વિરોધપક્ષ દંડક, મુકેશભાઈ માતંગ-કોર્પોરેટર, અશોકભાઈ વારસખીયા, વશરામભાઈ પિંગલસુર, વિજયભાઈ નંજાર, માધવીબેન રોશિયા, અમૃતભાઈ સુરડીયા, સોનલબેન રાઠોડ, નાથાભાઈ માતંગ, દિનેશભાઈ ધુલિયા, ગીરધરભાઈ માતંગ, જયેશભાઈ જે. માતંગ, વિજયભાઈ નંજાર, જયાબેન જોડ, કોમલબેન મકવાણા, બીપીનભાઈ ધુલિયા,વીરજીભાઈ રોશિયા, કિરણભાઈ ગડણ, સુરેશભાઈ ભરાડીયા વગેરે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલા હતા. આ શોભાયાત્રા સફળ થાય તે માટે સમાજના ધર્મગુરુશ્રીઓ તથા પંચ સમિતિ, સંગઠન, મહિલા ગ્રુપ, વગેરેઓએ જહેમત ઉઠાવેલ હતી.

દ્વારકાના રૂપેણ બંદરે પ્રૌઢ ઉપર માસીયાઈ ભાઈ અને તેના પરિવારના આઠ સભ્યોનો હુમલો

દ્વારકા : દ્વારકાના રૂપેણબંદર ખાતે રહેતા એક પ્રૌઢ ઉપર તેના માસિયાઈ ભાઈ અને પરિવારના અન્ય સાત સહિત આઠ સભ્યોએ ઠપકો આપવાના મામલે હુમલો કરી શરીરે નાની મોટી ઈજા પહોંચાડી તેમજ ગાળો કાઢી મારી નાખવાની ધમકી આપતા પ્રૌઢ દ્વારા સ્થાનિક પોલીસ દફતરે વિધિવત ફરિયાદ નોંધાવવામાં આવતા આઠેય શખ્સ સામે પોલીસે ગુન્હો દાખલ કરી આગળની તપાસ આરંભી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર દ્વારકાના રૂપેણ બંદર ખાતે રહેતા અને માછીમારીનો વ્યવસાય કરતા ઈસ્માઈલભાઈ ભીખનભાઈ ખરાઈ નામના પ્રૌઢ ઉપર અબ્દુલ હુસેસ ઈસબાની, ઈરફાન હુસેન, સલીમ હુસેન, અમીન દાઉદ, ઈસ્માઈલ હાસમ, ઈબ્રાહીમ હુસેન, ફરીદ હુસેન અને સબીર હુસેન નામના ૮ શખ્સે એકસંપ કરી લોખંડની મુઠ તથા લાકડાના ધોકા વડે હુમલો કરી માથાના ભાગે બે ટાંકાની તેમજ શરીરના અન્ય ભાગે મુંઢ ઈજાઓ પહોંચાડી ઉપરાંત ગાળો કાઢી જાનથી મારી નાખવાની ધમકી આપતા ઈસ્માઈલભાઈ એ તમામ સામે દ્વારકા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ આરંભી છે. હુમલા નો ભોગ બનનાર ઈસ્માઈલભાઈ તથા અબ્દુલભાઈ માસીના દીકરા થતા હોય આરોપીના જમાઈ ઈસ્માઈલ સમાને ઝગડો નહીં કરવા ઠપકો આપતા તેનો ખાર રાખી આ હુમલો કરવામાં આવ્યો હોવાનું પોલીસ દફતરે જાહેર થયું છે.

જામનગરમાં રીક્ષા ચાલકને માર માર્યા બાદ મૃત્યુ નિપજ્યા આરોપી જેલ હવાલે

સેસન્સ અદાલત સમક્ષ આરોપીએ જામીન અરજી કરતા રદ કરાઈ

જામનગર : જામનગરમાં ડિસેમ્બર માસમાં ડીકેવી કોલેજ સર્કલ પાસે એક રીક્ષા ચાલક યુવાન ઉપર હુમલો કરીને માથામાં ધુંબા માર્યા બાદ હેમરેજ થવાથી રીક્ષા ચાલકનું મોત થયાના બનાવમાં પોલીસે એક આરોપીની ધરપકડ કરી લઈ જેલમાં મોકલી આપ્યો છે. જે આરોપી બાઈક ચાલક દ્વારા સેસન્સ અદાલત સમક્ષ મુકેલી જામીન અરજી અદાલતે રદ કરી છે.

આ કેસની વિગતો એવી છે કે જામનગરમાં ગત તા.૧૬મી ડિસેમ્બરે સવારે સાડા નવ વાગ્યાના અરસામાં ઈબ્રાહિમભાઈ માકોડા ડીકેવી કોલેજ પાસે તેની રીક્ષામાંથી પેસેન્જર ઉતારતા હતા, ત્યારે મોટર સાયકલમાં આવેલા અજાણ્યા બે શખસોએ તેઓને ગાળો આપીને માથાના ભાગે ધુંબા માર્યા હતા.

તેથી ઈબ્રાહિમભાઈને માથામાં દુઃખાવો થતાં તેઓએ ઘરે આવીને પત્નીને વાત કરી હતી, અને ઉલ્ટીઓ થવા લાગતાં તેઓને ૧૦૮ મારફત જી.જી. હોસ્પિટલમાં લઈ જવાતાં ફરજ ઉપરના ડોક્ટરે તેઓને હેમરેજ થયાનું જણાવ્યું હતું. બાદમાં તેઓને ત્યાંથી રાજકોટની સીવીલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, અને સારવારમાં તેઓનું મૃત્યુ નિપજ્યું હતું.

આથી મૃતકના પત્ની નફીસાબેનની ફરિયાદ ઉપરથી સિટી બી. ડિવિઝન પોલીસે મારકુટ અને બીએનએસ કલમ ૧૦૫ મુજબ બે શખ્સો સામે ગુનો નોંધ્યો હતો.જે કેસમાં પોલીસે જામનગરના બાઈક ચાલક જીજ્ઞેશ નવીનચંદ્ર સેલારકાની ધરપકડ કરી હતી, અને અદાલત સમક્ષ રજૂ કરતા તેને જેલમાં મોકલી દેવાનો હુકમ થયો હતો, દરમીયાન જેલમાં રહેલા આરોપીએ પ્રથમ દ્રષ્ટીએ કોઈ અપરાધ થતો નથી, અને પોતાને ખોટી રીતે સંડોવી દેવાયાની રજુઆત સાથે જામીન અરજી કરી હતી. આ અરજીના વિરોધમાં સરકારી વકીલ રાજેશભાઈ વશીયરએ કોર્ટને જણાવ્યું હતું કે, ગંભીર પ્રકારનો ગુનો છે, અને મૃતકનું માથામાં હેમરેજની ઈજાના કારણે મૃત્યુ પામ્યા છે. આરોપીની સ્પષ્ટપણે ગુનામાં ભુમિકા હોવાનું જણાઈ આવે છે. આવા ગંભીર ગુનામાં જામીન મુક્તિ આપી શકાય નહીં. અદાલતે બંને પક્ષોને સાંભળીને આરોપીની જામીન અરજી રદ કરતો આદેશ કર્યો છે.

જામનગરમાં બાળમજૂરી કરાવતા વેપારી સામે ગુનો નોંધાયો

જામનગર : જામનગરમાં રણજીતસાગર રોડ પર આવેલી એક વેપારી પેઢીમાં શ્રમ આયુક્ત અધિકારી સહિતની ટુકડી દ્વારા તપાસણી કરવામાં આવી હતી, જ્યાં ૧૪ વર્ષથી નાની વયના બાળક પાસેથી બાળ મજૂરી કરાવવામાં આવતી હોવાનું ધ્યાનમાં આવ્યું હતું, જેથી વેપારી સામે સીટી એ. ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધાવાયો છે.

જામનગરની શ્રમ આયુક્ત વિભાગની સરકારી કચેરીના અધિકારી ડી.ડી. રામી, કે જેઓ ગઈકાલે સંયુક્ત ટિમની સાથે ચેકીગમાં નીકળ્યા હતા, અને રણજીતસાગર રોડ પર આવેલી પંથી સેલ્સ એજન્સીમાં તપાસ કરવામાં આવી હતી. જ્યાં વેપારી જસમીનભાઈ હરિભાઈ અકબરી દ્વારા પોતાની વેપારી પેઢીમાં ૧૪ વર્ષથી નાની વયના એક બાળકને કામે રાખવામાં આવ્યો હતો, અને તેની પાસેથી બાળ મજૂરી કરાવાતી હોવાનું ધ્યાનમાં આવ્યું હતું.

જેથી સમગ્ર ટીમ દ્વારા બાળકને મુક્ત કરાવ્યું હતું, અને ચિલ્ડ્રન હોમમાં મોકલી આપ્યું છે. તેમજ તેના વાલીને પણ બોલાવીને ફરીથી બાળક પાસેથી કામ નહી કરાવવા માટે સૂચન કર્યું હતું.આ ઉપરાંત સરકાર પક્ષે શ્રમ આયુક્ત વિભાગના સરકારી અધિકારી ડી.ડી. રામી ફરીયાદી બન્યા હતા, અને વેપારી જસ્મિનભાઈ હરિભાઈ અકબરી સામે ફરિયાદ નોંધાવતા પોલીસે લેબર (પ્રોહીબિશન એન્ડ રેગ્યુલેશન) ૧૯૮૬ ની કલમ ૩ હેઠળ ગુનો નોંધ્યો છે, અને વધુ તપાસ હાથ ધરી છે.

ખંભાળિયામાં રૂપિયાની ઉઘરાણીના પ્રશ્ને યુવાન ઉપર ચાર શખ્સનો હુમલો

ખંભાળિયા : ખંભાળિયા શહેરમાં રહેતા એક યુવાન ઉપર રૂપિયાની ઉઘરાણીના પ્રશ્ને ચાર શખ્સોએ ભેગા મળી ઝગડો કરી હુમલો કરી મારી નાખવાની ધમકી આપવા સબબ સ્થાનિક પોલીસ દફતરે વિધિવત ફરિયાદ નોંધાવવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ખંભાળિયામાં ભઠ્ઠી ચોક વિસ્તારમાં રહેતા સાજીદ ફિરોજભાઈ રૂંઝા નામના યુવાન ઉપર વિશાલ લગારીયા, ચીકુ તથા અજાણ્યા બે સહિત ચાર શખ્સે એકસંપ કરી દુકાનમાંથી લાકડાનો ધોકો ઉપાડી માથામાં તેમજ શરીરના અન્ય ભાગે ફટકારી ઈજા પહોંચાડી હતી ઉપરાંત મારી નાખવાની ધમકી આપતા સાજીદ રૂંઝા એ તમામ સામે ખંભાળિયા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. હુમલાનો ભોગ બનનાર સાજીદ આરોપીઓના મિત્ર પાસે રૂપિયા ૯૨૦ માગતો હોય જેની અવારનવાર ઉઘરાણી કરવા છતાં પૈસા નહી આપી મનદુઃખ રાખી તેને ફટકાર્યો હોવાનું પોલીસ દફતરે ફરિયાદમાં જાહેર થયું છે.

ખંભાળિયાના આથમણા બારા ગામના યુવાનનો ઝેરી દવા પી આપઘાત

ખંભાળિયા : ખંભાળિયા તાલુકાના આથમણા બારા ગામે રહેતા એક યુવાને કોઈ કારણસર ઝેરી દવા પી જિંદગી ટુકાવી લેતા અરેરાટી ફેલાઈ જવા પામી છે. આ બનાવની મૃતકના ભાઈએ જાણ કરતા સલાયા મરીન પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને વધુ તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ખંભાળિયા પંથકના આથમણા બારા ગામે રહેતા ગંભીરસિંહ નવુભા પરમાર નામના ૪૩ વર્ષના યુવાને કોઈ અગમ્ય કારણસર પાકમાં છાંટવાની ઝેરી દવા પી લેતા તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવેલ જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ નિપજ્યું હતું. બનાવની સલાયા મરીન પોલીસમાં મૃતકના ભાઈ રાજેન્દ્રસિંહ નવુભા પરમાર દ્વારા કરવામાં આવતા હે. કો. એચ. પી. ચૌહાણ સહિતનો પોલીસ સ્ટાફ સ્થળપર દોડી ગયો હતો અને કારણ જાણવા સહિતની તપાસ હાથ ધરી હતી.

જામનગરમાં મહિલા બેંક કર્મીના એકટીવાની ડેકીમાંથી ટેબલેટ તથા પર્સની તસ્કરી

જામનગર : જામનગરમાં શિવ ટાઉન શિપમાં રહેતી એક મહિલા બેંક કર્મીએ પોતાએ પાર્ક કરેલ એક્ટિવાની ડેકીમાંથી કોઈ તસ્કર પર્સ અને ટેબલેટ ફોન ચોરી કરી ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાવી છે

પ્રાપ્ત માહિતી મુજબ જામનગરમાં શિવ ટાઉન શિપમાં રહેતી, અને એક ખાનગી બેંકમાં ફરજ બજાવતી રાધિકાબેન રાજેન્દ્રસિંહ જનવાર નામની મહિલા બેંક કર્મચારીએ અંબર સિનેમા રોડ પર પાર્ક કરેલા પોતાના એકટીવા સ્કૂટરની કોઈ તસ્કરો ચોરી કરી લઈ ગયા ની ફરિયાદ સીટી બી. ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી યુવતી બેંકમાંથી છૂટ્યા પછી પોતાનું સ્કૂટર લઈને અંબર સીનેમા રોડ પર આવી હતી, જ્યાં એક કપડાની દુકાનમાં ખરીદી કરવા માટે ગઈ હતી, જે દરમિયાન ૨૦-૨૫ મિનિટના સમયગાળા દરમિયાન કોઈ તસકરો બહાર પાર્ક કરેલું એકટીવા સ્કૂટર ઉઠાવી ગયા હતા, જેની ડીકીની અંદર તેઓએ રૂપિયા ૧૫,૦૦૦ ની કિંમતનું ટેબલેટ, ઉપરાંત એટીએમ કાર્ડ, આધારકાર્ડ, પાનકાર્ડ, ડેબિટ કાર્ડ, સહિતના પર્સ વગેરેને પણ ચોરી કરી લઈ ગયા હતા. જે તસ્કરને પોલીસ શોધી રહી છે.

છત્તીસગઢ રાજ્યની જિલ્લા પંચાયત સમિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લાની લીધી મૂલાકાત

દ્વારકા : પંચાયતી રાજ મંત્રાલયના રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ યોજના અંતર્ગત તાલીમ કામ એક્સપોઝર વિઝીટનું આયોજન તમામ રાજ્યોમાં પરસ્પર કરવામાં આવતું હોય છે. જે અંતર્ગત ગુજરાત રાજ્ય વિકાસ કમિશનરની કચેરી અને રાષ્ટ્રીય ગ્રામીણ વિકાસ સંસ્થા દ્વારા છત્તીસગઢ રાજ્યના જિલ્લા પંચાયતના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. દેવભૂમિ દ્વારકા જિલ્લા વિકાસ અધિકારી એ.બી.પાંડોર દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

વડોદરા, આણંદ બાદ દેવભૂમિ દ્વારકા જિલ્લા તેમજ તાલુકા પંચાયતની મુલાકાત ઉપરાંત નાગેશ્વર અને ગોરીયાળી ગ્રામ પંચાયતની મુલાકાત સમિતિએ લીધી હતી. તેમણે ઓન સોર્સ રેવેન્યુ, ૬ઠ્ઠું અને ૭મુ અંતર્ગત આયોજન અને અમલીકરણ અંગે અભ્યાસ કર્યો હતો. વિશેષ નિયામક, એસ.આઈ.આર.ડી. અમદાવાદના માર્ગદર્શન હેઠળ અને કોર ફેકલ્ટી નીલા પટેલના સંકલન સાથે એસ.ઓ.ઈ.પી.આર. કન્સલ્ટન્ટ હરેશકુમાર ખડોદરા, છતીસગઢ રાજ્ય ની આ ટીમ સાથે ત્યાંની એસ.આઈ.આર.ડી. ના કોર ફેકલ્ટી અશોક કુમાર જયસ્વાલ સામેલ થયા હતા. નાયબ જિલ્લા વિકાસ અધિકારી પી.એ.ગોહિલ તથા તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારકા પણ જોડાયા હતા.

ધ્રોલ પંથકમાં હત્યાના ગુનામાં વચગાળાના જામીન પર ફરાર આરોપી ઝડપાયો



જામનગર : જામનગર જિલ્લાના ધ્રોલ પોલીસ સ્ટેશનના હત્યાના એક ગુનામાં છેલ્લા ત્રણ વર્ષથી વચગાળાના જામીન પર છૂટીને ફરાર થઈ ગયેલા એક કેદીને જામનગરની પેરોલ ફર્લો સ્ક્વોર્ડની ટીમે ઝડપી લીધો છે, અને તેને ફરીથી જેલ હવાલે કરી દીધો છે.

ધ્રોલ પોલીસ મથકમાં ૨૦૨૦ ની સાલમાં હત્યા અંગેનો એક ગુનો નોંધાયો હતો, જેમાં જામનગરમાં પટેલ વાડી શેરી નંબર -૨ માં રહેતા અનિરુદ્ધસિંહ અનોપસિંહ સોઢાની અટકાયત કરાઈ હતી, અને તેને રાજકોટની જેલમાં મોકલી દેવાયો હતો. જે આરોપી વચગાળાના જામીન પર છૂટીને ફરાર થઈ ગયો હતો, અને છેલ્લા ત્રણ વર્ષથી નાસ્તો ફરતો રહ્યો હતો.

જામનગરની પેરોલ ફર્લો સ્ક્વોર્ડની ટીમ દ્વારા તેને પકડવા માટે ઝાળ બિછાવી હતી, અને રાજકોટમાંથી અનિરુદ્ધસિંહ સોઢાને ઝડપી લીધો હતો, અને તેને ફરીથી રાજકોટની જેલમાં મોકલી આપ્યો છે.

દ્વારકાધીશજીને શીશ ઝુકાવતા તેલંગાણાના રાજ્યપાલ

દ્વારકા : તેલંગાણા રાજ્યના રાજ્યપાલ જિષ્ણુદેવ વર્મા યાત્રાધામ દ્વારકા પહોંચ્યા બાદ સાંજના સમયે સપરિવાર દ્વારકાધીશ જગતમંદિરની મુલાકાત લીધી હતી અને જગતમંદિરમાં શ્રીજી સન્મુખ ઠાકોરજીની પાદૂકા પૂજન કરી ધન્યતા અનુભવી હતી. બાદમાં તેઓએ દેવસ્થાન સમિતિની મુલાકાત લીધી હતી. જ્યાં અધિકારીગણ દ્વારા તેમને દ્વારકાધીશનું ઉપરણું ઓઢાડી મોમેન્ટો અર્પણ કરી સ્વાગત કરાયું હતું. જગતમંદિરમાં તેઓ દ્વારા મુલાકાત બદલ મીનીટ બુકમાં પણ નોંધ કરી હતી.

દ્વારકાધીશજીને અબીલ ગુલાલના છાંટણા



દ્વારકા : વસંત પંચમીથી વસંત ઋતુનું આગમન સાથે દ્વારકાધીશજીને શૃંગાર આરતી તેમજ સંધ્યા આરતી સમયે ફુલદોલ ઉત્સવ સુધી સુધી ગાલના ભાગમાં પૂજારી દ્વારા અબીલ ગુલાલથી શ્રીજીને ખેલાવામાં આવી રહયા છે. વસંત ઋતુથી લઈ ફાગણ હોળાષ્ટક સુધી ભગવાન દ્વારકાધીશને અબીલ ગુલાલથી પૂજારી પરિવાર દ્વારા ખેલાવતા હોય જેનો લાભ બંને આરતીમાં ઉપસ્થિત ભાવિકોને થાય છે. આગામી સપ્તાહમાં હોળાષ્ટક બેસવા સાથે શ્રીજી ફુલડોલ ઉત્સવ સુધી શ્વેત વાધા અને અબીલ ગુલાલની પોટલી તથા કેસુડાના રંગ ભરેલી પીચકારી સાથે સવાર સાંજ આરતી સમયે ભાવિકો સંગ રંગે રંગાશે.

દ્વારકામાં સંસ્કૃત વર્ગના ભૂલકાઓ દ્વારા ૫૬ ભોગ મનોરથ તથા વિષ્ણુયાગ યજ્ઞ યોજાયો

દ્વારકા : યાત્રાધામ દ્વારકામાં દ્વારકાધીશ જગત મંદિરમાં સેવા પૂજા અને યજમાનો સાથે સંકળાયેલા શ્રી દ્વારકા ગુગ્ગુલી બ્રાહ્મણ જ્ઞાતિ વ્યવસ્થાપક સમિતિ દ્વારા બાળકો તથા બાળાઓમાં સનાતન ધર્મ સંસ્કૃતિના જતન માટે શરૂ કરાયેલા સંસ્કૃત વર્ગના ભૂલકાઓ દ્વારા ભવ્ય ૫૬ ભોગ મનોરથનું આયોજન બ્રહ્મપુરી ૨ માં કરવામાં આવ્યું હતું.

સંસ્કૃત વર્ગ આચાર્ય સન્નીભાઈ પુરોહિત (સન્નીગુરુ) દ્વારા એવો વિચાર રજૂ કરવામાં આવ્યો કે તમામના ઘરેથી એક એક સામગ્રી તૈયાર કરી ઠાકોરજીને ૫૬ ભોગ ધરાવવામાં આવે જેને સમર્થન આપી વિદ્યાર્થીઓએ પોતાના ઘરે અલગ અલગ ૫૬ જાતના મિષ્ટાન,પકવાન તૈયાર કરાવ્યા. દ્વારકાધીશ જગત મંદિરમાં ગોવર્ધન પૂજાના સમયે પુષ્ટાવેલ તેમજ જ્ઞાતિ દ્વારા હરિદ્વાર ખાતેના મહા વિષ્ણુયાગ યજ્ઞમાં સહસ્ત્રાર્ચન પૂજન થયેલ હરમનભાઈ ભટ્ટના ઘરે બિરાજમાન ઠાકોરજીના ચલિત સ્વરૂપને બ્રહ્મપુરી ૨ માં બિરાજમાન કરી ૫૬ ભોગ મનોરથ કરવામાં આવ્યો હતો.

તમામ બાળકો તથા બાળાઓએ બ્રાહ્મણોના પરંપરાગત પોશાક પહેરી વૈષ્ણવ તિલક કરી આસન લગાવી સ્તોત્ર ઉચ્ચારણ કર્યા ત્યારબાદ ઠાકોરજીની મહાઆરતી કરી જ્ઞાતિ પ્રમુખ યજ્ઞેશભાઈ ઉપાધ્યાય મંત્રી કપિલભાઈ વાયડા સહમંત્રી ચેતનભાઈ પુજારી કારોબારી સદસ્ય જીતેશભાઈ ઠાકર અમરીશભાઈ ઠાકર મધ્યસ્થ સભા સદસ્ય ભાર્ગવભાઈ ભટ્ટ નૈનેશભાઈ વાયડા વગેરે એ મુલાકાત લઈ બાળકોને શુભેચ્છાઓ પાઠવી.સન્નીભાઈ પુરોહિત, હિતાર્થભાઈ શાસ્ત્રી, અર્ચનાબેન ઠાકર, ધૃતિબેન પુરોહિત,બનશ્રતાબેન ઠાકર વગેરે દ્વારા સહકાર આપવામાં આવ્યો. કાર્યક્રમ બાદ જ્ઞાતિ વ્યવસ્થાપક સમિતિ દ્વારા તમામ બાળકો બાળાઓ માટે પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી. સમગ્ર આયોજનને સફળ બનાવવા માં જ્ઞાતિ આચાર્ય સન્નીભાઈ પુરોહિત (સન્નીગુરુ)નું મહત્વ પણ યોગદાન રહ્યું.

દ્વારકામાં ત્રિદિવસીય વૈદિક સંગોષ્ઠીનું આયોજન

દ્વારકા : અનંતશ્રી વિભૂષિત પશ્ચિમામ્નાય દ્વારકા શારદાપીઠાધીશ્વર જગદગુરુ શંકરાચાર્ય સ્વામી શ્રી સરસ્વતીજી મહારાજશ્રીના આશીર્વાદથી તારીખ ૬ થી ૮ ફેબ્રુઆરી દરમિયાન

દ્વારકામાં શ્રી દ્વારિકાધીશ સંસ્કૃત અકાદમી અને ઈન્ડોલોજીકલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ દ્વારકા, અને મહર્ષિ સાંદિપની રાષ્ટ્રીય વેદવિદ્યા પ્રતિષ્ઠાન ઉજ્જૈન (શિક્ષણ મંત્રાલય, ભારત સરકાર),ના સંયુક્ત તત્ત્વાવધાનમાં વેદો અખિલો ધર્મ મુલમ્ અખિલ ભારતીય ત્રિદિવસીય વૈદિક સંગોષ્ઠીનું આયોજન થઈ રહ્યું છે.

આ સંદર્ભે તારીખ ૩/૨/૨૬ સંગોષ્ઠીની સફળતા માટે જરૂરી સાંજે ૫ વાગ્યે વિવિધ કમિટીઓનું સંગઠન અને તેમના આયોજન કાર્યનું માર્ગદર્શન કરવાના ઉદ્દેશ્યથી વિશેષ બેઠક આયોજિત કરવામાં આવી હતી. બેઠકમાં અનંત શ્રી વિભૂષિત પશ્ચિમામ્નાય શારદાપીઠના પીઠાધીશ્વર જગદગુરુ શંકરાચાર્ય ગુરુજી શ્રી સદાનંદસરસ્વતીજી મહારાજે અધ્યક્ષતા કરી હતી. બ્રહ્મચારી શ્રીનારાયણાનંદજીની ઉપસ્થિતિમાં આ બેઠક સંપન્ન થઈ હતી.

જામનગરમાં શિવ શોભાયાત્રાના આયોજન અંગે શનિવારે બેઠક મળશે

જામનગર : છોટી કાશીના ઉપનામથી પ્રચલિત એવી નગરીમાં હિન્દુ ઉત્સવ સમિતિ તેમજ મહાદેવ હર મિત્ર મંડળના ઉપક્રમે છેલ્લા ૪૪ વર્ષથી મહા શિવરાત્રિ ના પાવનકારી પર્વના દિવસે શિવ શોભાયાત્રાનું આયોજન કરવામાં આવે છે. જે આ વર્ષે સતત ૪૫ મા વર્ષે પણ પરંપરાગત રીતે નગરનાં રાજમાર્ગ પર ભવ્યાતિભવ્ય "શિવ શોભાયાત્રા" નું આયોજન થઈ રહ્યું છે.

જેની ચર્ચા-વિચારણા અર્થે પ્રથમ બેઠક દિનાંક તા ૭.૨ને શનિવારે રાત્રીના ૯:૩૦ કલાકે પંચેશ્વર ટાવર, પાસે આવેલા શ્રી રામદૂત હનુમાનજી મંદિરે મળશે. જેમાં પાલખી સમિતિ, સંકલન સમિતિ અને ફ્લોટ સમિતિના તમામ સભ્યો સહિત જ્ઞાતિ મંડળો, ધાર્મિક સંસ્થાઓ, સત્સંગ મંડળ, સામાજિક સેવાકીય સંસ્થાઓ, મિત્ર મંડળોના હોદેદારો - સભ્યો વગેરેને સમયસર ઉપસ્થિત રહેવા મહાદેવ હર મિત્ર મંડળના પ્રમુખ રાજેશ ડી. વ્યાસ (રાજુ મહાદેવ) દ્વારા અનુરોધ કરાયો છે.

શિવ શોભાયાત્રામાં ચલિત કે સ્થાયી ફ્લોટ સાથે જોડાનારા તમામ મંડળના આગેવાનોએ પોતાના આયોજનની સવિસ્તાર વિગતો મિટિંગમાં રજૂ કરવાની રહેશે.

રાવલ વેપારી એસો.ના હોદ્દેદારોની વરણી

ભાટીયા : રાવલ વેપારી એસોસિએશનની તાજેતરમાં મિટિંગ મળી હતી. જેમાં એસો.ના હોદ્દેદારોની મુદત પૂર્ણ થતાં હોદેદારોને રિપિટ કરી નિમણૂંક કરવામાં આવી હતી. જેમાં પ્રમુખપદે ગોરધનદાસ ગોકલદાસ મોદી, ઉપપ્રમુખપદે સવદાસભાઈ સુરાભાઈ અને મંત્રીપદે રમેશચંદ્ર જેઠાલાલ કોટેચાની નિમણૂંક કરવામાં આવી હતી. તેમજ સાથોસાથ ૧૧ કારોબારી સભ્યોની પણ નિમણુંક કરવામાં આવી હતી. રાવલ વેપારી એસો.ના હોદેવારોની ૧૧ કારોબારી સભ્યોની આગામી પાંચ વર્ષ માટે વરણી કરાઈ છે.

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)